| કુલ ગુણ | 100 |
|---|---|

# ખાતાકીય પરીક્ષા (વર્ગ-૩)- 2024

## PAPER - 2

**પરીક્ષાની તારીખ : ૨૧/૧૨/૨૦૨૪**

**પરીક્ષાનો સમય : બપોરે ૧૫:૦૦ થી ૧૮:૦૦**

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

**ADEI PAPER-2**

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | **પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ** |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૮૦ મિનિટનો છે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) કોણે જામીનગીરી આપવી જરૂરી છે ?

(A) ડ્રાઈવરે (B) લાયબ્રેરીયને

(C) કેશીયરે (D) નોંધપાત્ર ન હોય તેવા સ્ટોરનો કબજો ધરાવનારે

(2) હવાલાની ફેરબદલી માટે કયા ફોર્મનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) ફોર્મ નંબર - 3 (B) ફોર્મ નંબર - 4

(C) ફોર્મ નંબર - 5 (D) ફોર્મ નંબર - 6

(3) વર્ગ - 4 ના કર્મચારી માટે મકાન પેશગી મંજૂર કરવાની સત્તા કોને છે ?

(A) વહિવટી વિભાગ (B) ખાતાના વડા

(C) કચેરીના વડા (D) ઉપાડ અધિકારી

(4) મોટરકાર પેશગીની મુદલ રકમની વસુલાત કુલ કેટલા હપ્તામાં કરવાની છે ?

(A) 180 હપ્તા (B) 120 હપ્તા

(C) 80 હપ્તા (D) 40 હપ્તા

(5) સામાન્ય ભવિષ્ય નિધિમાંથી ઉપાડ માટે આપેલી મંજૂરી કેટલા સમય પછી રદ થશે ?

(A) ત્રણ માસ (B) છ માસ

(C) બાર માસ (D) અઢાર માસ

(6) કોઈ પણ સંસ્થાની લોન વધુમાં વધુ કેટલા સમય માટે મંજૂર કરી શકાય ?

(A) 10 વર્ષ (B) 15 વર્ષ

(C) 30 વર્ષ (D) 35 વર્ષ

(7) હંગામી કર્મચારીને મકાન પેશગી મેળવવા કેટલા વર્ષની નોકરી જરૂરી છે ?

(A) ત્રણ વર્ષ (B) પાંચ વર્ષ

(C) સાત વર્ષ (D) દસ વર્ષ

(8) મકાન પેશગીની મુદલ અને વ્યાજ કુલ કેટલા હપ્તામાં વસૂલ કરવાનું છે ?

(A) 60 હપ્તા (B) 120 હપ્તા

(C) 180 હપ્તા (D) 240 હપ્તા

(9) કેટલા સમય જૂના માગણા રજૂ કરતી વખતે બિલમાં વિલંબનું કારણ જણાવવું ?

(A) એક માસ (B) ત્રણ માસ

(C) છ માસ (D) બાર માસ

(10) મકાન પેશગી કેટલા પગારની મર્યાદામાં મળવાપાત્ર છે ?

(A) ચોત્રીસ મૂળ પગાર (B) પાંત્રીસ મૂળ પગાર

(C) પચાર મૂળ પગાર (D) પંચોતેર મૂળ પગાર

(11) મકાન પેશગીનો હિસાબ કોણ રાખે છે ?

(A) હિસાબ અને તિજોરી નિયામક
(B) નિયામક પેન્શન પ્રોવિડન્ડ ફંડ
(C) એકાઉન્ટન્ટ જનરલ
(D) તિજોરી અધિકારી

(12) નવા ખર્ચની નાણાકીય મંજૂરી વધુમાં વધુ કેટલા સમય પછી રદ થશે ?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) બાર માસ
(D) વર્ષ

(13) સહાયક અનુદાન મંજૂર કરવાના હેતુ માટે અનુદાનની રકમ અનુદાનની મંજૂરી આપ્યા તારીખથી વધુમાં વધુ કેટલા સમય પહેલા ચૂકવેલા ખર્ચને મહોંચી વળવા માટે છે ?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) એક વર્ષ
(D) બે વર્ષ

(14) ખાતાના વડાઓ તેમના તાબાના અધિકારીઓ નાણાં સ્વીકાર્યા પછી સંજોગો વસાત બે દિવસની સમય મર્યાદામાં નાણા તિજોરીમાં જમા કરાવી શકે નહીં તો આવી સમય મર્યાદા કામકાજના કેટલા સમય સુધી લંબાવી શકશે ?

(A) બે દિવસ
(B) પાંચ દિવસ
(C) સાત દિવસ
(D) ત્રીસ દિવસ

(15) કેશબુકનો નમૂનો કયા ફોર્મથી નક્કી થયેલ છે ?

(A) ગુજરાત નાણાકીય નિયમ ફોર્મ નં. 2
(B) ગુજરાત નાણાકીય નિયમ ફોર્મ નં. 6
(C) ગુજરાત તિજોરી નિયમ ફોર્મ નં. 2
(D) ગુજરાત તિજોરી નિયમ ફોર્મ નં. 5

(16) ગુજરાત તિજોરી નિયમોના કયા ફોર્મથી હરફેર રજિસ્ટર નમૂનો નક્કી થયેલ છે ?

(A) ફોર્મ નં. 85
(B) ફોર્મ નં. 86
(C) ફોર્મ નં. 32
(D) ફોર્મ નં. 38

(17) રોકડમેળમાંની રોકડ સિલકની ખરાઈ ક્યારે કરવી જોઈએ ?

(A) દર અઠવાડિયે
(B) દર 15 દિવસે
(C) દર મહિનાના અંતે
(D) દર ત્રણ માસે

(18) તિજોરીમાં બિલો મોકલવા માટે શામાં ચઢાવીને મોકલવા જોઈએ ?

(A) બિલ રજિસ્ટરમાં
(B) ટ્રાન્ઝિટ રજિસ્ટરમાં
(C) ચેક રજિસ્ટરમાં
(D) કન્ટીજન્ટ રજિસ્ટરમાં

(19) બેંકમાં કે તિજોરીમાં નાણા જમા કરાવવાનું કામ સામાન્ય રીતે કોને સોંપવું જોઈએ ?

(A) વર્ગ - 2 ના અધિકારીને
(B) કેશિયરને
(C) પટાવાળાને
(D) ઉપાડ અધિકારીને

(20) નીચેનામાંથી કયા કિસ્સામાં સરકારી આવકનો સરકારી ખર્ચ માટે સીધે સીધો વિનિયોગ થઈ શકે ?

(A) વર્ગ - 4 ને મુસાફરી ચૂકવવા

(B) આકસ્મિક ખર્ચ ચૂકવવા

(C) નોટરી અંગે મળેલ ફી નોટરી અંગેના કાનૂની ખર્ચ માટે

(D) સ્ટેશનરી ખરીદવા

(21) એક કચેરીને તારીખ 14-11-2024 ના રોજ કરવેરાની આવક રૂપિયા 10,000 મળી છે. તારીખ 15-11-2024 ના રોજ શુક્રવારે જાહેર રજા છે. તારીખ 17-11-2024 ના રોજ રવિવાર છે. મોડામાં મોડા કઈ તારીખ સુધી આ રકમ તિજોરીમાં જમા કરાવી દેવી જોઈએ ?

(A) તારીખ 16-11-2024 (B) તારીખ 18-11-2024

(C) તારીખ 17-11-2024 (D) તારીખ 19-11-2024

(22) કોઈ કચેરી સામાયિકો ખરીદે તો તે કયા પ્રકારમાં આવે ?

(A) આનુંષંગિક આકસ્મીક ખર્ચ (B) નિયત આકસ્મીક ખર્ચ

(C) પુરવઠો અને સેવાઓ (D) ખાસ આકસ્મીક ખર્ચ

(23) ઓડિટ માટે વાઉચર ઉપલબ્ધ ન હોય તો શું કરવું જોઈએ ?

(A) ડુપ્લીકેટ વાઉચર બનાવવા

(B) નાણા ખર્ચાયેલ છે તેવું પ્રમાણપત્ર આપવું

(C) વાઉચર ન મળે ત્યાં સુધી ઓડિટ મુલતવી રાખવુ

(D) ખર્ચ હિસાબમાંથી રદ કરી જવાબદાર પાસેથી નાણા વસુલ કરવા

(24) ડેડસ્ટોકની ભૌતિક ચકાસણી ક્યારે કરવાની હોય છે ?

(A) દર વર્ષે (B) દર બે વર્ષે

(C) દર ત્રણ વર્ષે (D) દર પાંચ વર્ષે

(25) નીચેનામાંથી કયો ખર્ચ ગુપ્તસેવા અંગેનો ખર્ચ છે ?

(A) પરીક્ષાના પેપર તપાસવાનો ખર્ચ

(B) પરીક્ષાના પેપર છપાવવાનો ખર્ચ

(C) તિજોરી અધિકારીની

(D) ઉપાડ અધિકારી

(26) ગુપ્ત સેવા પાછળ થયેલ ખર્ચનું પ્રમામપત્ર કઈ તારીખ સુધીમાં હિસાબ તપાસણી અધિકારીને મોકલવું જોઈએ ?

(A) 31 મી ડિસેમ્બર (B) 31 મી માર્ચ

(C) 15 મી એપ્રિલ (D) 30 મી નવેમ્બર

(27) નીચેનામાંથી કયુ વિધાન સાચું છે ?

(A) આકસ્મિક ખર્ચના બે પ્રકાર છે. (B) આકસ્મિક ખર્ચના ચાર પ્રકાર છે.

(C) આકસ્મિક ખર્ચના છ પ્રકાર છે. (D) આકસ્મિક ખર્ચના સાત પ્રકાર છે.

(28) કયા બિલના સમર્થનમાં વાઉચર જરૂરી નથી ?

(A) સર્વીસ પોસ્ટેજ સ્ટેમ્પના બિલમાં (B) કન્ટીજન્સી બિલ

(C) ઉચ્ચક બિલના વિગતવાર બિલમાં (D) ઉપરના બધામાં

(29) નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે ?

(A) આકસ્મિક ખર્ચના બિલો ઓડિટને આધિન છે.

(B) વિવેકાધિન ગ્રાંટ હિસાબ અને તિજોરી નિયામક હસ્તક મૂકવામાં આવે છે.

(C) વિવેકાધિન ગ્રાંટમાંથી કરેલ ખર્ચના બિલો ઓડિટને આધિન છે.

(D) વિવેકાધિન ગ્રાંટમાંથી નિર્ધારિત હેતુ માટે જ ખર્ચ કરીશકાય.

(30) ગ્રંથાલય માટેના પુસ્તકો ખરીદવા એ કયા પ્રકારનો ખર્ચ ગણાય ?

(A) મુકરર દર વાળો આકસ્મિક ખર્ચ

(B) આનુંસંગિક આકસ્મિક ખર્ચ

(C) પુરવઠો અને સેવાઓ

(D) અન્ય ખર્ચ

(31) જિલ્લા શિક્ષણાઅધિકારીની કચેરી માટે કાયમી પેશગી કોણ મંજૂર કરે ?

(A) ઉચ્ચ શિક્ષણ કમિશ્નર (B) શિક્ષણ સચિવ

(C) જિલ્લા શિક્ષણાઅધિકારી (D) નાણા વિભાગ

(32) જલદી નાશ પામે તેવા સ્ટોકની ભૌતિક ચકાસણી ક્યારે કરવાની હોય છે ?

(A) દર છ માસે (B) દર વર્ષે

(C) દર ત્રણ વર્ષે (D) દર પાંચ વર્ષે

(33) (1) ગુપ્ત સેવા ખર્ચ અને બાતમીદારોને અપાતા ઇનામોના સમર્થનમાં વાઉચર જરૂરી રહેશે નહિ.

(2) ગુપ્ત સેવા ખર્ચ અને બાતમીદારોને અપાતા ઇનામોના લીધે થતું ખર્ચ હિસાબ તપાસણી અધિકારીઓ દ્વારા કરાતી ચકાસણીને આધિન રહેશે.

(A) વિધાન 1 સાચું 2 ખોટું (B) વિધાન 1 ખોટું 2 સાચું

(C) વિધાન 1 અને 2 બન્ને ખોટાં (D) વિધાન 1 અને 2 બન્ને સાચા

(34) કામવાર કોઈ વિગતો દર્શાવ્યા વિના અંદાજપત્રમાં ઉચ્ચક રકમની જોગવાઈ કરવામાં આવે છે તેવા કામો માટે નાણા વ્યવસ્થા કેવી રીતે કરવામાં આવે છે ?

(A) માર્ગ મકાન વિભાગની ગ્રાન્ટમાંથી

(B) સ્થાનિક અધિકારીઓ હસ્તક મુકાતી વિવેકાધીન ગ્રાન્ટમાંથી

(C) નિયમીત માર્ગ મકાન વિભાગની ગ્રાન્ટમાંથી

(D) બાંધકામના મરામત ખર્ચની ગ્રાન્ટમાંથી

(35) પંચાયતની મોટાભાગની વિકાસ પ્રવૃત્તિઓ પંચાયત અધિનિયમની કઈ કલમ અન્વયે પંચાયતોને તબદિલ કરવામાં આવી છે ?

(A) કલમ 157 અને 158
(B) કલમ 186 અને 187
(C) કલમ 200 અને 201
(D) કલમ 160 અને 161

(36) ખાનગી દાન / ફાળામાંથી નાણા વ્યવસ્થા કરાતી હોય તેવા કામોના અંદાજ તૈયાર કરતી વખતે નીચેનામાંથી કઈ માહિતી આપવાની હોતી નથી ?

(A) ગયા વર્ષની મળેલી ફાળાની રકમ
(B) મળેલા અને અનામત રાખેલા ફાળાની રકમ
(C) મળવાની બાકી રકમ
(D) રાજ્ય ફંડમાંથી સરકારે પૂરી પાડવાની રકમ

(37) સામાન્ય ભવિષ્યનિધિમાંથી લીધેલ પેશગી પૂર્ણ ભરપાઈ થઈ ગયા બાદ કેટલા માસ પછી બીજી વાર પેશગી મળી શકે ?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) નવ માસ
(D) બાર માસ

(38) વર્ગ - 3 ના કર્મચારીના કિસ્સામાં સામાન્ય ભવિષ્ય નિધિના હેતુ માટે હિસાબી અધિકારી એટલે ?

(A) નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ
(B) હિસાબ અને તિજોરી નિયામક
(C) ઉપાડ અધિકારી
(D) એકાઉન્ટન્ટ જનરલ

(39) કર્મચારીએ સામાન્ય ભવિષ્ય નિધિમાં કેટલો ફાળો કપાવવો ફરજિયાત છે ?

(A) મૂળ પગારના 8 ટકા
(B) મૂળ પગારના 10 ટકા
(C) મૂળ પગારના અને મોંઘવારીના 10 ટકા
(D) કુલ મળતરના 10 ટકા

(40) એક કર્મચારીના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી તેમના પુત્રના બારમાં ધોરણના અભ્યાસ માટે અંશત આખરી ઉપાડ પૈકી મહત્તમ કેટલી રકમ મળી શકે ?

(A) રૂપિયા 40,000
(B) રૂપિયા 1,00,000
(C) રૂપિયા 1,50,000
(D) રૂપિયા 1,75,000

(41) એક કર્મચારીના સામાન્ય ભવિષ્યની ખાતામાં ચાર લાખ રૂપિયા જમા છે તેમનો મૂળ પગાર રૂ. 70,000 છે તેમને સામાન્ય સંજોગોમાં મહત્તમ કેટલી પેશગી મળે ?

(A) રૂપિયા 2,00,000
(B) રૂપિયા 2,10,000
(C) રૂપિયા 3,90,000
(D) રૂપિયા 1,50,000

(42) નીચેનામાંથી કયા હેતુ માટે સામાન્ય ભવિષ્ય નિધિમાંથી પેશગી ન મળે ?

(A) બાળકોના અભ્યાસ માટે
(B) મકાન બનાવવા માટે
(C) સામાજિક રીત રિવાજ માટે
(D) કુટુંબના સભ્યની માંદગી માટે

(43) કેટલા વર્ષની નોકરી પછી અંશત આખરી ઉપાડ મળવાપાત્ર થાય ?

(A) પાંચ વર્ષ
(B) આઠ વર્ષ
(C) બાર વર્ષ
(D) પંદર વર્ષ

(44) શિક્ષણના હેતુ માટે મહત્તમ કેટલા રૂપિયા અંશત આખરી ઉપાડ મળે ?

(A) રૂપિયા એક લાખ
(B) રૂપિયા દોઢ લાખ
(C) રૂપિયા બે લાખ
(D) રૂપિયા ત્રણ લાખ

(45) રાજ્ય સરકારના જી.પી.એફ. ખાતેદારના કર્મચારીઓના કિસ્સામાં નાણાકીય વર્ષ દરમિયાન સામાન્ય ભવિષ્યનીધિ ખાતામાં મહત્તમ કેટલા રૂપિયા સુધીની રકમ જમા કરાવવાની મર્યાદા છે ?

(A) ત્રણ લાખ
(B) પાંચ લાખ
(C) સાત લાખ
(D) કોઈ મર્યાદા નથી

(46) સ્વૈચ્છિક નિવૃત્તિની તારીખના કેટલા માસ અગાઉના ગાળામાં કોઈ પણ કારણ આપ્યા વિના 90 ટકા અંશતઃ આખરી ઉપાડ કરી મંજૂર કરી શકાશે ?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) નવ માસ
(D) બાર માસ

(47) મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમો અન્વયે ચોથા વર્ગના કર્મચારીઓના સંદર્ભમાં હિસાબી અધિકારી એટલે.....

(A) એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત
(B) એકાઉન્ટ ઓફિસર (વર્ગ - 2)
(C) હિસાબ અને તિજોરી નિયામક, ગુજરાત
(D) જિલ્લા તિજોરી અધિકારી

(48) મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમો અન્વયે કયા નિયમની જોગવાઈ અનુસાર બચતદાર વર્ષ દરમિયાન કોઈ પણ સમયે માસિક ફાળાની રકમ એક વખત ઘટાડી શકે ?

(A) નિયમ 9 (2) ક)
(B) નિયમ 10 (3) (ક)
(C) નિયમ 10 (2) (ક) (1)
(D) નિયમ 10 (4) (ક)

(49) રોકડમેળના સરવાળા ખરા છે તે બદલ કોણ સહી કરશે ?

(A) ખાતાના વડા
(B) કચેરીના વડા
(C) કેશીયર
(D) નિયંત્રણ અધિકારી

(50) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો - 1959 ના પરિશિષ્ટ - 1 ના પત્રક 2 મુજબ તબીબ ખાતાના આકસ્મિક ખર્ચમાં નીચેનામાંથી કયા ખર્ચનો સમાવેશ થતો નથી ?

(A) ડેન્ટલ ચેર
(B) શાસ્ત્રક્રિયા ટેબલો
(C) પેકિંગ માટેની સામગ્રી
(D) ડિસ્ટીલરી સ્ટીલ્સ

(51) મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમો અન્વયે કયા નિયમ મુજબ બચતદારના ખાતે જમા રહેતી વ્યાજ સહિતની ફાળાની રકમ જીવન વીમા પોલીસી માટે ચુકવણી કરવા ઉપાડી શકાય ?

(A) નિયમ 16 (ખ) (1)
(B) નિયમ 16 (ક) (1)
(C) નિયમ 15 (ક) (2)
(D) નિયમ 16 (ક) (2)

(52) બચતદારના મૃત્યુ સમયે કેટલા વર્ષની નોકરી હોય તો અનામત સહ વિમાયોજનાનો લાભ મળી શકે ?

(A) 2 વર્ષ
(B) 3 વર્ષ
(C) 1 વર્ષ
(D) 5 વર્ષ

(53) પેટા વાઉચરો રદ કરવા અને નાશ કરવા બાબત ગુજરાત તિજોરી નિયમોમાં કયા નિયમમાં વિગતો આપેલી છે ?

(A) નિયમ - 125
(B) નિયમ - 200
(C) નિયમ - 90
(D) નિયમ - 286

(54) હિસાબોની તપાસણી સંવિધાનની કઈ કલમ હેઠળ ઘડવામાં આવેલ કાયદાની જોગવાઈને આધીન રહી કરવામાં આવે છે ?

(A) 326
(B) 166
(C) 149
(D) 309

(55) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમોમના પરિશિષ્ટ - 2 મુજબની યાદીમાં સામાન્ય વહીવટી વિભાગમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) સચિવાલયના બધા વિભાગો
(B) સરકારના સોલિસિટરો
(C) જાહેરાત નિયામક
(D) નિયામક અર્થશાસ્ત્ર અને આંકડા કાર્યાલય

(56) પેટાતિજોરીઓ અને જિલ્લા તિજોરીઓએ છેલ્લા પગાર દાખલાની સ્થળપ્રત કેટલા સમય સુધી સાચવી રાખવી જોઈએ ?

(A) 2 વર્ષ
(B) 1 વર્ષ
(C) 5 વર્ષ
(D) 3 વર્ષ

(57) પ્રવાસ ભથ્થાના બિલ અને એને લગતા ચુકવણી પત્રકો કેટલો સમય જાળવી રાખવાના હોય છે ?

(A) 3 વર્ષ
(B) 5 વર્ષ
(C) 7 વર્ષ
(D) 10 વર્ષ

(58) મોટરકાર ખરીદવા અથવા આ હેતુ માટે લીધેલ સરકારી લોન ભરપાઈ કરવા સામાન્ય ભવિષ્યનિધિમાંથી કેટલીવાર ઊપાડ કરી શકાય ?

(A) એક વાર
(B) બે વાર
(C) ત્રણ વાર
(D) ચાર વાર

(59) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમોના પરિશિષ્ટ 4 મુજબ પરચુરણ પુરવઠા તરીકે વર્ગીકૃત ચીજોની યાદીમાંથી નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) ઊંદરિયા
(B) સરકો (વિનેગર)
(C) જાજમ
(D) ખુરશી

(60) કેટલી રકમથી વધુ નાણા બેંકમાં કે તિજોરીમાં જમા કરાવતી વખતે બે વ્યક્તિઓમાંથી એક વ્યક્તિ અચૂક કારકુન કે કેશિયર હોવા જોઈએ ?

(A) 2,000 રૂા.
(B) 3,000 રૂા.
(C) 10,000 રૂા.
(D) 5,000 રૂા.

(61) કોર્ટના હુકમ મુજબ વસુલ કરાયેલ રકમના ભરણા માટેના ખર્ચ બાબતે ગુજરાત તિજોરી નિયમોમાં કયા નિયમમાં દર્શાવેલ છે ?

(A) નિયમ - 98
(B) નિયમ - 202
(C) નિયમ - 55
(D) નિયમ - 153

(62) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમોના પરિશિષ્ટ - 6 મુજબ ખરીદ અધિકારી કુટીર ઉદ્યોગોની બનાવટોને બિનકુટીર ઉદ્યોગોની બનાવટોની તુલનાએ પોતાની વિવેકબુદ્ધિ અનુસાર કેટલા ટકા જેટલી ભાવ પસંદગી આપી શકે ?

(A) 10 %
(B) 30 %
(C) 15 %
(D) 40 %

(63) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમોના પરિશિષ્ટ - 6 ની અનુસૂચિ - 2 મુજબ અખાડાની સાધન સામગ્રી અને રમત ગમતના સાધનો મહત્તમ કેટલી કિંમત સુધી ખરીદી શકાય ?

(A) 5000 રૂા.

(B) 1000 રૂા.

(C) અમર્યાદીત પરંતુ અંદાજપત્રની જોગવાઈને આધીન

(D) 1500 રૂા.

(64) જમીનની ખરીદી માટે આપવામાં આવેલ પેશગી અંગે કયા નમૂનામાં ફોર્મમાં ગીરોખત કરવાનું થાય છે ?

(A) ફોર્મ - 11
(B) ફોર્મ - 13
(C) ફોર્મ - 12
(D) ફોર્મ - 17 - ગ

(65) આકસ્મિક બિલનો ઉપયોગ વટાઉ ખત તરીકે કરવો નહિ આવું મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો મુજબ કયા નિયમમાં દર્શાવેલ છે ?

(A) નિયમ - 80
(B) નિયમ - 24
(C) નિયમ - 45
(D) નિયમ - 67

(66) સરકારના ખાસ હુકમો નિવાસ, નાણા મેળવ્યા બદલ અપાયેલ પહોંચની મૂળ નકલ ખોવાઈ ગઈ છે તો બીજી કે વધારાની નકલ કાઢવા અંગે શું જોગવાઈ છે ?

(A) નિઃશુલ્ક બીજી નકલ કાઢી આપવી જોઈએ
(B) નિયત કરેલ ફી લઈને બીજી નકલ કાઢી આપવી જોઈએ
(C) આવી કોઈ નકલ આપી શકાય નહિ
(D) અધિકારીએ વિવેકબુદ્ધિ અનુસાર નિર્ણય કરવો જોઈએ

(67) ગુજરાતમાં આવેલી તિજોરી અને પેટા તિજોરીઓની યાદી ગુજરાત તિજોરી નિયમોના કયા પરિશિષ્ટમાં આપેલી છે.

(A) પરિશિષ્ટ - 9
(B) પરિશિષ્ટ - 10
(C) પરશિષ્ટ - 6
(D) પરિશિષ્ટ - 18

(68) ગુજરાત તીજોરી નિયમો મુજબ પરિશિષ્ટ - 6 અંતર્ગત રોકડમેળની તારીજ દર મહિને મોડામાં મોડી કઈ તારીખ સુધીમાં એકાઉન્ડન્ટ જનરલને મોકલવી જોઈએ ?

(A) પછીના માસની 5 તારીખ
(B) પછીના માસની 10 તારીખ
(C) તે માસની 30 તારીખ
(D) પછીના માસની 7 તારીખ

(69) નિયંત્રણ અધિકારીએ અંદાજપત્રના અંદાજો મકાન અને માર્ગ વિભાગને કઈ તારીખ સુધીમાં મોકલવાના રહે છે ?

(A) 31 ઓગસ્ટ (B) 30 નવેમ્બર

(C) 30 સપ્ટેમ્બર (D) 31 ઓક્ટોબર

(70) નાના કામ માટેના નાણાની વ્યવસ્થા કઈ ગ્રાન્ટમાંથી કરવામાં આવે છે ?

(A) બચત ગ્રાન્ટ (B) વિવેકાધીન ગ્રાન્ટ

(C) નિભાવ અને મરામત ગ્રાન્ટ (D) ઉચ્ચક ગ્રાન્ટ

(71) બદલીના કિસ્સામાં જુની જગ્યાના લેણા પગાર આકારવા સંદર્ભે ગુજરાત તિજોરી નિયમ મુજબ કયા નિયમમાં સ્પષ્ટતા કરેલ છે ?

(A) નિયમ - 150 (B) નિયમ - 98

(C) નિયમ - 201 (D) નિયમ - 160

(72) સામાન્ય સંજોગોમાં ચલણનીનકલોમાં વિધીસર સહી કર્યા પછી જેના પર 'અસલ' એવું લખ્યું હોય તે ચલણ કોની પાસે રહે છે ?

(A) તિજોરી અધિકારી (B) એકાઉન્ટન્ટ જનરલ

(C) ખાતાકીય અધિકારી (D) નાણા ભરનાર

(73) કયા મહિના દરમિયાન સ્થાનિક બનાવટોના તાળા માટેની વાર્ષિક માંગ યાદી મધ્યસ્થ માલસામાન ખરીદ કાર્યાલયને મોકલી આપવાની હોય છે ?

(A) જાન્યુઆરી (B) માર્ચ

(C) જૂન (D) ડિસેમ્બર

(74) અંદાજપત્ર નિયમસંગ્રહમાં ઉપલક લેવડદેવડના અંદાજ રજૂ કરવા માટે કયા નંબરનું ફોર્મ નક્કી કરવામાં આવેલ છે ?

(A) ફોર્મ - 3 (B) ફોર્મ - 5

(C) ફોર્મ - 7 (D) ફોર્મ - 9

(75) કર્મચારીના ઈજાફાનું પ્રમાણપત્ર ગુજરાત તિજોરી નિયમોના કયા ફોર્મ મુજબ આપવાનું થાય ?

(A) ફોર્મ - 31 (B) ફોર્મ - 25

(C) ફોર્મ - 80 (D) ફોર્મ - 79

(76) અંદાજપત્ર નિયમ સંગ્રહ અન્વયે સદરોને મુખ્ય કેટલા ભાગમાં વહેચવામાં આવ્યા છે ?

(A) 2 (B) 4 (C) 5 (D) 3

(77) પ્રવાસ ભથ્થા અંગેની પેશગી માટે વિગતવાર બિલ રજુ કરવાની રાબેતા મુજબની મુદત કેટલી હોય છે ?

(A) 3 મહિના (B) 6 મહિના

(C) 2 મહિના (D) 4 મહિના

(78) ખર્ચની મંજુરી મળ્યા બાદ કેટલા સમયમાં પૂરેપૂરો કે અંશતઃ ખર્ચ ન થાય તો તે મંજુરી રદ થાય ?

(A) 3 માસ (B) 6 માસ (C) 9 માસ (D) 12 માસ

(79) અંદાજપત્ર નિયમ સંગ્રહ અન્વયે આકસ્મિક નિધિ માટે કયું સદર નક્કી કરવામાં આવ્યું છે ?

(A) 280 (B) 308 (C) 459 (D) 800

(80) નવા નિયુક્ત થયેલા સરકારી કર્મચારીને વધુમાં વધુ કેટલા સમય સુધી આરોગ્ય પ્રમાણપત્ર રજુ કર્યા સિવાય પગાર મેળવવાની મંજુરી આપી શકાય ?

(A) 3 મહિના (B) 1 મહિનો

(C) 2 મહિના (D) 4 મહિના

(81) નીચેના પૈકી કયુ વિધાન મકાન પેશગી માટે સાચું જણાતું નથી ?

(A) સરકારશ્રીના અદ્યતન ઠરાવ મુજબ મકાન પેશગીના વ્યાજનો દર 7.90 % છે.

(B) નિયત સમયમાં દસ્તાવેજ રજૂ ન કરે તો પેશગી પર લાગુ પડતા વ્યાજ દર ઉપરાંત 2.75 % છે.

(C) પતિ અને પત્ની બન્ને સરકાર કર્મચારી હોય તો પેશગી બન્નેને મળવાપાત્ર છે.

(D) મકાન પેશગીમાં વ્યાજના વધુમાં વધુ 60 હપ્તામાં વ્યાજની રકમ પરત કરવાની રહે છે.

(82) નીચેનામાંથી કયું બંધબેસતું વાક્ય નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંત સાથે સંકલિત છે ?

(A) સરકારી નાણાંમાંથી કરવામાં આવતો ખર્ચ જરૂરીયાત ન હોવા છતા કરી શકાય છે.

(B) સરકારી નાણાંમાંથી કરવામાં આવતો ખર્ચ મંજૂર કરનારને લાભદાયી થાય તેવો હોવો જોઈએ.

(C) સરકારી નાણાંમાંથી કરવામાં આવતો ખર્ચ નફાનું સાધન ન બનવું જોઈએ.

(D) અમુક વ્યક્તિ કે જનસમુદાયના અમુક ભાગને લાભ આપતો ખર્ચ જરૂરી કરવો જોઈએ.

(83) સરકારી નાણાં અને બિન સરકારી નાણાંના હિસાબની બાબતમાં નીચેનામાંથી કયુ વિધાન સત્ય છે ?

(A) સરકારી નાણાં અને બિન સરકારી નાણાંના હિસાબ સાથે રાખવામાં આવે છે.

(B) સરકારી નાણાં અને બિન સરકારી નાણાંના હિસાબના નાણાં ચલણથી જમા કરવાના રહે છે.

(C) સરકારી નાણાં અને બિન સરકારી નાણાંના ઉપાડ તિજોરી કચેરીમાંથી જ થાય છે.

(D) સરકારી નાણાં અને બિન સરકારી નાણાંમાંથી મંજૂરી વિના ખર્ચ કરી શકાય છે.

(84) સરકારના એકત્રિત ભંડોળમાંથી કોઈ પણ સંસ્થા કે વ્યક્તિને લોન આપવા બાબતે નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે ?

(A) આપવામાં આવતી લોન અંગે બજેટમાં જોગવાઈ હોવી જરૂરી છે.

(B) આપવામાં આવતી લોન સરકારની નીતિ વિરૂદ્ધની હોય તો આપી શકાય નહિ.

(C) આપવામાં આવતી લોન અંગે જામીનદાર હોવો જરૂરી નથી.

(D) આપવામાં આવતી લોન અંગે જેને સત્તા આપેલ હોય તે જ આપી શકે છે.

(85) વસૂલ કરવામાં આવેલ આવક માટે નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે ?

(A) વસુલ કરેલ આવકો સરકારશ્રીના કોઈ પણ સદરમાં જમા વિના વિલંબે કરી દેવાની હોય છે.

(B) વસૂલ કરેલી આવકો વિના વિલંબે સરકારી તિજોરીમાં જમા કરાવી દેવી જોઈએ.

(C) વસૂલ કરેલ આવકો અને જમા થયેલી આવકો અંગે નિયત પત્રકમાં વાર્ષિક માહિતી આપવી જોઈએ.

(D) વસૂલ કરેલી આવકમાંથી બારોબાર ખર્ચ કરી શકાય છે.

(86) નીચેના કયા પ્રકારના બિલમાં ઉપાડ અધિકારીના સ્વ હસ્તાક્ષરનું પ્રમાણપત્ર ફરજિયાત છે ?

(A) પગાર બિલ (B) ઉચ્ચક બિલ

(C) આકસ્મિક ખર્ચ બિલ (D) વિગતવાર બિલ

(87) ચેકની મુદત ચેક ઇસ્યુ કર્યાની તારીખથી કેટલા સમયની હોય છે ?

(A) ત્રણ માસ (B) બે માસ

(C) ચાર માસ (D) એક માસ

(88) વાર્ષિક નાણાંકીય પત્રક વિધાનસભામાં કોની ભલામણથી રજૂ કરવામાં આવે છે ?

(A) માન. રાજ્યપાલશ્રીની ભલામણ (B) માન. મુખ્યમંત્રીશ્રીની ભલામણ

(C) માન. રાષ્ટ્રપતિશ્રીની ભલામણ (D) માન. નાણાંમંત્રીશ્રીની ભલામણ

(89) નીચેનામાંથી કયુ ખર્ચ બિન મતપાત્ર ખર્ચ નથી ?

(A) રાજ્યપાલની કચેરીનું ખર્ચ (B) વિધાનસભા અધ્યક્ષના પગાર ભથ્થાના ખર્ચ

(C) મુખ્ય સચિવના પગાર ખર્ચ (D) વ્યાજ ડૂબત ફંડ ખર્ચ

(90) લેખાનુદાન એટલે ?

(A) અંદાજપત્ર મંજૂર ન થાય તેવા કિસ્સામાં અમુક રકમ એકત્રિત ભંડોળમાંથી ઉપાડવાની મંજૂરી

(B) લેખા પરીક્ષણ કચેરી દ્વારા રાજ્ય સરકારશ્રીને અમુક રકમની ફાળવણી કરવામાં આવે તે રકમ

(C) આકસ્મિક ભંડોળમાંથી અણધાર્યા ખર્ચને પહોચી વળવા લેવામાં આવતી રકમ

(D) નાણાંકીય વર્ષ માટે વહીવટી મંજૂરી બાદ તાંત્રિક મંજૂરી લેવાની પ્રક્રિયા

(91) નીચેનામાંથી એક સદરમાંથી બીજા સદરમાં પુનઃ વિનિયોગ કરવાની સત્તા કોને છે ?

(A) નિયંત્રણ અધિકારી (B) નાણાં વિભાગ

(C) ખાતાના વડા અધિકારી (D) વહીવટી વિભાગ

(92) મંજૂર થયેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ થાય તે જોવાની જવાબદારી કોની છે ?

(A) ઉપાડ અને નિયંત્રણ અધિકારી (B) ખાતાના વડા

(C) નિયંત્રણ અધિકારી (D) નાણાં વિભાગ

(93) ગુજરાત નાણાંકીય યનિયમો-1971 મુજબ બાકી માંગણા ચુકવવા બાબતની સૂચના કયા નિયમમાં આપવામાં આવેલ છે ?

(A) નિયમ - 62 (B) નિયમ - 54

(C) નિયમ - 55 (D) નિયમ - 50

(94) ગુજરાત તિજોરી નિયમ-2000 ની જોગવાઈ મુજબ ત્રાહિત વ્યક્તિને કેટલી રકમથી વધુ રકમના લખેલ ચેક અચૂકપણે એકાઉન્ટ પેયી ઓનલી એમ ક્રોસ કરેલ હોવો જોઈએ ?

(A) રૂા. 15000/- (B) રૂા. 1000/-

(C) રૂા. 5000/- (D) રૂા. 25000/-

(95) વિવેકાધીન ગ્રાન્ટનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવે છે ?

(A) સામાન્ય હેતુઓની જાહેર ઉપયોગીતા, સુખાકારી અને કલ્યાણકારી યોજના માટે

(B) કર્મચારીને તાત્કાલિક પેશગી ચુકવવા માટે

(C) આકસ્મિક ખર્ચની રકમ અપૂરતી હોય ત્યારે તેના ખર્ચને ચૂકવવા માટે

(D) આકસ્મિક નીધિના ખર્ચ માટે

(96) કોઈ ખર્ચ પૂર્વમંજૂરી વિના કરી લેવામાં આવેલ હોય તેવા કિસ્સામાં કોની મંજૂરી બાદ તે ખર્ચ અધિકૃત થઈ શકે છે ?

(A) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી

(B) સચિવશ્રી, શિક્ષણ વિભાગની મંજૂરી

(C) કમિશ્નરશ્રી, શાળાોની કચેરી, ગાંધીનગરની મંજૂરીથી

(D) નાણાં વિભાગની મંજૂરીથી

(97) ટપાલ ટિકિટ ખરીદવા કેવી રીતે નાણાં ઉગવવામાં આવે છે ?

(A) આકસ્મિક ખર્ચના બિલમાં

(B) નિયત થયેલ નમૂનાના બિલમાં

(C) ઉચ્ચક બિલના નમૂનામાં

(D) વિગતવાર બિલના નમૂનામાં

(98) નિયમો અનુસાર બિલો તૈયાર કરવાની જવાબદારી નીચેનામાં કોની છે ?

(A) ઉપાડ અધિકારીશ્રીની (B) નિયંત્રણ અધિકારીશ્રીની

(C) કચેરીના કેશિયરની (D) કચેરીના મહેકમ ક્લાર્કની

(99) નીચેનામાંથી કયા પ્રકારના બિલના નમૂનામાં કચેરીના કન્ટીજન્સી ખર્ચના બિલો બનાવાય છે ?

(A) ગુજરાત તિજોરી નિયમ - 2000 ના ફોર્મ નં. 63

(B) ગુજરાત તિજોરી નિયમ - 2000 ના ફોર્મ નં. 58

(C) ગુજરાત તિજોરી નિયમ - 2000 ના ફોર્મ નં. 51

(D) ગુજરાત તિજોરી નિયમ - 2000 ના ફોર્મ નં. 44

(100) રૂા. 76,200/- નો પગાર ધરાવતા એક કર્મચારી રૂા. 30.00 લાખના તૈયાર મકાન ખરીદવા મકાન પેશગીની રૂા. 28.00 લાખની માંગણી કરે છે તો તેને કેટલી રકમની મકાન પેશગી મહત્તમ મળવાપાત્ર થશે ?

(A) રૂા. 25,90,800/- (B) રૂા. 28,00,000/-

(C) રૂા. 25,00,000/- (D) રૂા. 30,00,000/-

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

SEAL SEAL SEAL SEAL
PAPER-2

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.